# નર્મદામાં 500 બોટ દ્વારા ગેરકાયદે રેતીખનન

**નર્મદા** મૈયાનું અસ્તિત્વ જોખમમાં હોવાની ફરિયાદ સાથે માછીમાર સમાજની ઉગ્ર રજૂઆત, ગેરકાયદે રેતીખનન મુદ્દે 24 કચેરીમાં ફરિયાદ

ભરૂચ: ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા નદીમાં લોખંડની મોટી યાંત્રિક બોટો અને ડ્રેજિંગ મશીનો દ્વારા ચાલી રહેલા બેફામ ગેરકાયદે રેતી ખનનને રોકવા માટે સમસ્ત ભરૂચ જિલ્લા માછીમાર સમાજ દ્વારા માંડવામાં આવ્યો છે. માછીમાર સમાજના પ્રમુખ અને એડવોકેટ કમલેશ મઢીવાલા દ્વારા ભરૂચ, નર્મદા અને વડોદરા એમ ત્રણેય જિલ્લાના કલેક્ટરોને તથા મેરીટાઈમ બોર્ડના ચેરમેનને સંબોધીને એક વિસ્તૃત ફરિયાદ કરવામાં આવી છે.

ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે, નર્મદા નદીમાં હાલ 400થી 500 જેટલી GMBમાં નોંધણી વગરની ગેરકાયદે યાંત્રિક બોટો કાર્યરત છે. માફિયાઓ નદીના વહેણમાં પાકા પુલિયા બનાવી અવરોધ ઉભા કરી રહ્યા છે.

સમાજે માંગ કરી છે કે, તમામ બોટોને તાત્કાલિક કસ્ટડીમાં લેવામાં આવે, માફિયાઓ દ્વારા બનાવાયેલા પુલિયાઓ દૂર કરવામાં આવે અને જવાબદારો સામે ચોરી, રાજ્યની સંપત્તિને નુકસાન તથા વોટર પોલ્યુશન એક્ટ હેઠળ FIR નોંધવામાં આવે.



## મુખ્યમંત્રી સહિત ઉચ્ચ કક્ષાએ ફરિયાદ

મામલાની ગંભીરતાને જોતા માછીમાર સમાજે આ ફરિયાદની નકલ કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવ, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી તેમજ રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા અને પ્રવીણભાઈ માળીને પણ રવાના કરવામાં આવી છે. આ ઉપરાંત, સિંચાઈ વિભાગ, જી.પી.સી.બી. ગાંધીનગર, સી.પી.સી.બી. દિલ્હી અને ભરૂચ-નર્મદા-વડોદરા જિલ્લાના પોલીસ વડાઓ (SP), જિલ્લા વિકાસ અધિકારીઓ (DDO) અને ભૂસ્તરશાસ્ત્રીઓને પણ આ ગેરકાયદે પ્રવૃત્તિથી વાકેફ કરવામાં આવ્યા છે.

## ભરૂચમાં માટી-રેતી માફિયાઓ પર દરોડા, 4.60 કરોડનો મુદ્દામાલ જપ્ત



ભરૂચ: ભરૂચ જિલ્લામાં ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ ફ્લાઈંગ સ્કવોર્ડ સુરત તથા જિલ્લા કચેરી, ભરૂચ ટીમના સંકલનમાં રહીને પણ સરપ્રાઈઝ ચેકિંગની કામગીરી સતત થઈ રહી છે. 10મી ડીસેમ્બરથી 12મી ડીસેમ્બર સુધી જિલ્લાના અલગ અલગ સ્થળોએ રેડ પાડવામાં આવી છે. 10મીએ ભૂસ્તરશાસ્ત્રી ભરૂચની ક્ષેત્રીય ટીમ દ્વારા ભરૂચ તાલુકાના શુકલતીર્થ તથા વાગરા ખાતેથી સાદી માટી અને સાદી રેતીનું બિન અધિકૃત ખનીજ વહન કરતા વધુ 4 ડમ્પર જપ્ત કરી રૂ.1.20 કરોડનો મુદ્દામાલ પકડી સીઝ કર્યો હતો. ઝઘડીયા તાલુકાના ફૂલવાડી ખાતે સાદી માટી ખનીજના બિનઅધિકૃત ખનન/વહન બદલ 1 એક્ષેવેટર મશીન તથા 6 ટ્રક/ડમ્પર પકડી 2.30 કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. 11મીએ શુકલતીર્થ નર્મદા નદીપટ, ખાતે સાદીરેતી ખનીજના બિનઅધિકૃત ખનન/વહન માટે 1 એક્ષ્વેટર મશીન તથા 2 ટ્રક/ડમ્પર પકડી 1.10 કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. જેની નિયમોનુસાર દંડકીય વસૂલાત કરવાની કાર્યવાહી શરૂ કરાઈ છે. ત્રણ દિવસ દરમિયાન ભુસ્તરવિજ્ઞાન અને ખનીજ, ફલાઈંગ સ્કવોર્ડ, સુરત અને ભરૂચ ક્ષેત્રિય તપાસ ટીમની સંયુક્ત કામગીરી દરમ્યાન ભરૂચ જિલ્લામાંથી કુલ રૂ.4.60 કરોડનો મુદ્દામાલ જપ્ત કરતા ફફડાટ મચી ગયો છે.

# વ્યારામાં દંપતીએ સાયબર ફ્રોડના 2.64 કરોડ વગે કર્યા

**ઈન્ડિયન** ઓવરસીઝ અને IDBIમાં ખાતા ખોલાવી ફ્રોડના નાણાંનો કાળો વહીવટ આચર્યો, એક વોન્ટેડ

વ્યારા: તાપીના વ્યારામાં વધુ મ્યુલ એકાઉન્ટ મારફતે 2.64 કરોડથી વધુના નાણાકીય વ્યવહારમાં પોલીસે અંધાત્રીની મહિલા સહિત બે આરોપીને ઝડપી પાડ્યા છે.

તાપી જિલ્લામાં આરોપી હિના બલ્લુ ચૌધરી (રહે. અંધાત્રી ગામ આશ્રમ ફળિયું તા.વાલોડ)નો શિવ એન્ટરપ્રાઈઝના નામે વ્યારામાં ઇન્ડિયન ઓવરસિઝ બેન્કમાં 65,50,875 /- તેમજ IDBI બેન્કમાં 1,98,90,736 રૂપિયા મળી કુલ્લે 2,64,41,611 /- રૂપિયાનો નાણાકીય વ્યવહાર મળી આવ્યો હતો. જેમાં આરોપીના ઇન્ડિયન ઓવરસિઝ બેંક ( ખાતા નંબર - 250702000000281 ) વિરુદ્ધમાં દેશના અલગ અલગ રાજ્યોમાં કુલ 42 જેટલી સાઈબર ક્રાઈમની ફરિયાદ ભારત સરકારનાં સાઈબર ક્રાઈમ સબંધિત સમન્વય પોર્ટલ ઉપર રજીસ્ટર્ડ થયેલી છે.

આરોપી હિના ચૌધરી પોતાના પતિ જીતુ રામજી ( મુંગલપરા ) પટેલ રહે. 140 શિવ શક્તિ પાર્ક - 01 મુસા રોડ વ્યારા તા.વ્યારા જી. તાપી મૂળ રહે.લેરીયા ગામ, તા. વિસાવદર જી. જૂનાગઢ ) અન્ય આરોપી જયદિપ ઉર્ફે જસ્મીન મથુર ડોબરીયા ( રહે.લેરીયા ગામ, તા. વિસાવદર જી. જૂનાગઢ) અલગ અલગ બેંકોમાં કરન્ટ ખાતું ખોલાવડાવી તે ખાતાઓમાં ઓનલાઈન છેતરપિંડીના નાણાં સગેવગે કરતાં હોવાનું તપાસ દરમિયાન પોલીસને જાણવા મળતાં પોલીસે આરોપી દંપતી હિના ચૌધરી અને જીતુ રામજી ( મુંગલપરા ) પટેલને પકડી પાડ્યા છે. વોન્ટેડ આરોપી જયદિપ ઉર્ફે જસ્મીન મથુર ડોબરીયા સહિત તપાસ દરમિયાન જે મળી આવે તે આરોપીઓને પકડવા કવાયત હાથ ધરી છે.

## સાયબર ફ્રોડના નાણાં વગે કરનારા આરોપીઓ 6 દિવસના રિમાન્ડ પર

વ્યારા: ઓપરેશન મ્યૂલ હંટ અંતર્ગત તાપી જિલ્લામાં સાયબર કેફેની આડમાં ચાલતા ઓનલાઈન છેતરપિંડીના નાણાં સગેવગે કરવાનાં કૌભાંડનો પર્દાફાશ થયો હતો. વ્યારા નગરમાં સુરભી ટાવર સ્થિત રોઝ ઓનલાઈન કેન્દ્ર નામના સાઈબર કેફેમાંથી ઓનલાઈન છેતરપિંડીના નાણાં સગેવગે કરતી ગેંગને પકડી પાડી હતી. પોલીસે આરોપી સલમાન ફરીદખાન પઠાણ પઠાણ મુદ્દસ્શમાબી સલમાનખાન તેમજ મિરઝા શાહીન બાનો અસલમ બેગને ઝડપી પાડ્યા હતા. તમામ 2023થી અલગ અલગ લોકોને લોભ લાલચ આપી જુદી જુદી બેંકોમાં ખાતા ખોલાવી અને નવા ખોલાવેલા બેંક ખાતાઓની કીટ મેળવી લઈ યુઝર નેમ અને પાસવર્ડ બનાવી ઓનલાઈન છેતરપિંડીના નાણાં દુબઈ રહેતાં આરોપી મુસા. (રહે. આર.ટી.નગર બેંગલોર) ને મ્યૂલ એકાઉન્ટ આપી ઓનલાઈન છેતરપિંડીના નાણાં ટ્રાન્સફર કરાવી સગેવગે કરતાં હતાં. પોલીસે ત્રણેય આરોપીને રિમાન્ડ માટે કોર્ટમાં રજૂ કર્યા હતાં. કોર્ટે આરોપીઓના 6 દિવસનાં રિમાન્ડ મંજૂર કર્યા છે.

# અંકલેશ્વર, ભરૂચમાં પ્રદૂષણ માપવા હાઈટેક મોબાઈલ વાન તહેનાત

**રાસાયણિક** કેન્દ્રો, GIDC, SEZ સહિતના પ્રદૂષણ સંભવિત વિસ્તારોમાં ફરી પર્યાવરણની દેખરેખ રાખશે



ભરૂચ: ટકાઉ ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન આપી રહેલી ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) એ બે અત્યાધુનિક મોબાઇલ પર્યાવરણીય દેખરેખ વાન ભરૂચ અને અંકલેશ્વરમાં તૈનાત કરાઈ છે.

રૂ.5.76 કરોડથી વધુના ખર્ચે પર્યાવરણીય નુકસાન વળતર (EDC) ભંડોળ હેઠળ ખરીદવામાં આવેલા વાહનો હવે તમામ જિલ્લાઓમાં કાર્યરત છે. ભરૂચ અને અંકલેશ્વર સહિત 15 GIDC માટે અત્યાધુનિક મોબાઈલ પર્યાવરણીય વાન દેખરેખ રાખશે.

દરેક મોબાઇલ વાન અદ્યતન વિશ્લેષકો, ડિટેક્ટર અને પોર્ટેબલ સાધનોથી સજ્જ છે જે સ્થળ પર હવા અને પાણીની ગુણવત્તા માપવા માટે સક્ષમ છે.

ગેસ લીક જેવી કટોકટીની સ્થિતિમાં, વાન પર્યાવરણીય પરિસ્થિતિઓનું મૂલ્યાંકન કરવા માટે સ્થળ પર પહોંચી શકે છે. વાયુ પ્રદૂષણ ઘટાડવા માટે સંકલિત વ્યૂહરચના બનાવવા GPCB મુખ્ય ઔદ્યોગિક સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે પણ બેઠકોનું આયોજન કરાયું છે. બેમાંથી એક વાન દક્ષિણ-મધ્ય ઝોનમાં અંકલેશ્વર GIDCમાં તૈનાત છે.

## ઝેર ફેલાવતા પ્રદૂષણોને ટ્રેક કરવાની ક્ષમતા

વાન ખાસ કરીને રાસાયણિક કેન્દ્રો, GIDC, SEZ અને અન્ય પ્રદૂષણ-સંભવિત વિસ્તારોના નિરીક્ષણ માટે મહત્વપૂર્ણ છે. એક મુખ્ય વિશેષતા એ સંકલિત સતત એમ્બિયન્ટ એર ક્વોલિટી મોનિટરિંગ સ્ટેશન (CAAQMS) છે, જે PM10, PM2.5, સલ્ફર ડાયોક્સાઇડ, નાઇટ્રોજન ઓક્સાઇડ, કાર્બન મોનોક્સાઇડ, ઓઝોન, એમોનિયા, હાઇડ્રોજન સલ્ફાઇડ, બેન્ઝીન, ઇથિલ બેન્ઝીન, ટોલ્યુએન અને ઝાયલીન જેવા પ્રદૂષકોને ટ્રેક કરે છે.

# ઘલામાં પેટ્રોલ પંપના બે કર્મી 1.30 લાખ લઈ ફરાર

**ડીઝલ**-પેટ્રોલના વેચાણની રકમ લઈ ફરાર થયેલા બે રાજસ્થાની ઈસમ સામે ગુનો નોંધાયો

કામરેજ: ઘલા પાસે આવેલા પેટ્રોલ પંપ પર નોકરી કરતાં બે રાજસ્થાની ઈસમ ડીઝલ-પેટ્રોલના વેચાણના રૂ.1,30,000 લઈને નાસી છૂટ્યા હતા.

સુરત અડાજણ ખાતે એલ.પી. સવાણી રોડ પર મંગલતિર્થ એપાર્ટમેન્ટની સો શીતલ રો હાઉસમાં મકાન નં. 20માં રહેતા હિમાંશુ જયંતીભાઈ વણકર (ઉં.વ.31) કામરેજના ઘલા ગામે કેશવ પેટ્રોલ પંપ વર્ષ 2021થી ચલાવે છે. પંપ પર હાલમાં રાજુરામ નારીંગા બિશ્નોઈ (રહે., પનવેલ, ગુડામાલાણી, જિ.બાડમેર, રાજસ્થાન), વિક્રમસિંહ મેસુસિંહ (રહે., સડકકા, જિ.રાજસમંદ, રાજસ્થાન) છેલ્લા 20 દિવસથી નોકરી કરતાં હતા. અન્ય બે નિલેશ અને પ્રતીક (બન્ને રહે., અરેઠ) પણ નોકરી કરે છે. શુક્રવારના રોજ સવારે ઘલા ગામના હિતેશ પટેલે પંપની ઓફિસમાં તપાસ કરતાં ઓફિસ ખુલ્લી હાલતમાં હતી. તપાસ કરતાં કોઈ ન મળી આવતા પંપના માલિક તુરંત પંપ પર આવીને ઓફિસમાં લગાવેલા સીસીટીવી કેમેરા ચેક કરતાં તા.11 મી નવેમ્બરના રાત્રિના 11.30 કલાકે કેમેરા ચાલુ હતા. બાદમાં કેમેરા બંધ થઈ ગયા હતા. બાદમાં પંપ પર પેટ્રોલ ડીઝલનો સ્ટોક ચેક કરતાં પેટ્રોલ અને ડીઝલના વેચાણના રૂ.1,30,000 ગાયબ હતા. પંપ પર કામ કરતાં બે રાજસ્થાની ઈસમ નાસી છૂટયા હતા. જે અંગે કામરેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. વધુમાં રાજુરામ સહિત ત્રણ લોકોએ સેવણી ખાતે આવેલા પંપ પણ રૂપિયાની ઉચાપત કરી હતી.

# માંડવીમાં કારના કાચ તોડી ચોરી કરતી ત્રિચી ગેંગના ત્રણ ઝડપાયા

**માંડવી,** બારડોલી અને કામરેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં 10 ચોરીના ગુનાની કબૂલાત, 4.45 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો



હિતેશ પટેલ

માંડવી, પલસાણા: સુરત ગ્રામ્ય એલસીબી પોલીસે દક્ષિણ ગુજરાતમાં કારના કાચ તોડી ચોરી કરતી 'ત્રિચી ગેંગ'ના ત્રણ સભ્યને ઝડપી પાડ્યા છે. પોલીસે 10 ગુનાનો ભેદ ઉકેલી રૂ. 4,45,551નો મુદ્દામાલ રિકવર કર્યો છે.

જિલ્લામાં ફોરવ્હીલ કારના કાચ તોડી કિંમતી સામાન અને વાહન ચોરીના ગુનાઓમાં આરોપીઓ 'ત્રિચી ગેંગ'ના સભ્યો હોવાની ઓળખ થઈ હતી. બાતમીના આધારે, બારડોલી ટાઉન અને માંડવી પોલીસ સ્ટેશનની હદમાં શોપિંગ મોલ અને બજારોમાં પાર્ક થયેલી પાંચ કારના કાચ તોડી કિંમતી ચીજવસ્તુઓની ચોરી કરનાર ત્રિચી ગેંગના પ્રતિભા નાયડુ અને જ્યોતિ નાયડુ (ટોટીયનાયકર)ને ઝડપી પાડવામાં આવ્યા હતા. આરોપીઓએ તેમના સાગરીતો સાથે પાંચ બાઈકની ચોરી પણ કબૂલી હતી. બે મોટરસાઈકલ પર ચોરી કરવા ફરતા શિવા સુંગયાન ટોટીયનાયકર (ઉં.વ. 38, હાલ રહે. શિવમ કોમ્પ્લેક્સ, કરંજ-માંડવી, મૂળ તમિલનાડુ) અને પ્રતિભા સુબ્રમણી નાયડુ (ઉં.વ. 36, હાલ રહે. શિવમ કોમ્પ્લેક્સ, કરંજ-માંડવી, મૂળ વાંકીપાડા ગામ, નંદુરબાર-મહારાષ્ટ્ર) ને તડકેશ્વરથી કરંજ જતા એલસીબી પોલીસે દબોચી લીધા હતા. તેમની સાથે કાયદાના સંઘર્ષમાં આવેલો એક કિશોર પણ હતો.

પોલીસે આરોપીઓ પાસેથી કાચ તોડવા માટેની ગીલોલ અને લોખંડના છરા સહિત શંકાસ્પદ ચોરીનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. રોકડ રકમ રૂ. 32,151, સોનાના દાગીના (બુટ્ટી, ચેઈન, પેન્ડલ) કિંમત રૂ. 1,25,400, ટેબ્લેટ રૂ. 20,000, તેમજ વિવિધ વાહનો અને મોબાઈલ ફોન મળી કુલ રૂ. 4,45,551નો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



ઈબ્રાહીમ કાનુ

# કોસંબામાં કાર પલટી મારી ગઈ, પાંચને ઈજા

હથોડા: કોસંબા ફાટક નજીક હાઈવે પરથી પસાર થતાં અજાણ્યા વાહનની ટક્કરે કાર પલટી મારી રોંગ સાઈડ પર પહોંચી ગઈ હતી. આ અકસ્માતમાં કારમાં સવાર બે બાળક, મહિલા સહિત પાંચને સામાન્ય ઈજા પહોંચી હતી.

સુરત જિલ્લા ટ્રાફિક પોલીસ પાસેથી મળેલી માહિતી મુજબ ડભોઈથી સુરત જઈ રહેલી સ્વીફ્ટ ડિઝાયર કાર કોસંબા નજીક પાસેથી પસાર થતી હતી ત્યારે હાઈવે પરથી પૂરપાટ ઝડપે ધસી આવેલા અજાણ્યા વાહને ટક્કર મારતા સામેના રોડ પર પહોંચી હતી અને કારમાં સવાર પાંચને સામાન્યજા પહોંચી હતી. જોકે મોટી દુર્ઘટના બનતા અટકી હતી. બનાવની જાણ થતાં જ પોલીસ ટીમે ઘટના સ્થળે પહોંચી કારમાં ફસાયેલાઓને બહાર કાઢી 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે મોકલી આપ્યા હતા. ઘટનાને પગલે હાઈવે પર ટ્રાફિક જામ સર્જાયો હતો.

# અંકલેશ્વર નવી દીવી ગામે મળસ્કે બંધ મકાનના તાળા તોડી ચોરી

**20 મીનિટમાં** જ દાગીના, રોકડ લઈને ત્રણ ચોરટા ફરાર

**સામે** રહેતા મકાનમાલિકની માતાએ બૂમો પાડી પરંતુ ભાગી છૂટવામાં સફળ



ભરૂચ, અંકલેશ્વર: અંકલેશ્વર પંથકમાં ઠંડીના ચમકારા વચ્ચે શહેરને અડીને નવી દીવી ગામના વિક્રમ ફળિયામાં તસ્કરોએ એક બંધ મકાનને નિશાન બનાવી માત્ર 20 મિનિટના ગાળામાં સોના-ચાંદીના દાગીના અને રોકડની ચોરી કરી પલાયન થઈ જતાં પંથકમાં ફફડાટ વ્યાપી ગયો છે.

નવી દીવી ગામના વિક્રમ ફળિયામાં રહેતા કુણાલ દશરથ વસાવા પોતાના પરિવાર સાથે એક શુભ પ્રસંગમાં બહાર ગયા હતા. આ તકનો લાભ લઈ રાત્રિના 4 વાગ્યા બાદ એક બાઈક પર આવેલા 3 તસ્કરે તેમના બંધ મકાનમાં નકુચા તોડી પ્રવેશ કર્યો હતો. ઘરના કબાટ અને તિજોરીના તાળાં તોડી તેમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમની લૂંટ ચલાવી હતી. આ સમયે કુતરાઓના ભસવાના અવાજથી સામેના મકાનમાં રહેતા કુણાલભાઈના માતા જાગી ગયા હતા. તેઓ જેવો દરવાજો ખોલી બહાર આવ્યા, તે જ સમયે પુત્રના ઘરમાંથી 3 અજાણ્યા શખ્સો દાદર ઉતરીને ભાગતા નજરે પડ્યા હતા. તેમણે બૂમાબૂમ કરી મોટા પુત્રને બોલાવ્યો ત્યાં સુધીમાં તસ્કરો પોતાની બાઈક પર સવાર થઈ પલાયન થઈ ગયા હતા.

આ ચોરી અંગે અંકલેશ્વર બી-ડિવિઝન પોલીસ મથકે જાણ કરવામાં આવતા પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પ્રાથમિક તપાસમાં ગામની એક દુકાનના સીસીટીવી ફૂટેજ મળી આવ્યા છે, જેમાં 4:15 વાગ્યે તસ્કરો ગામમાં પ્રવેશતા અને 4:35 વાગ્યે અન્ય એક ગલીમાંથી ભાગતા દેખાય છે.

# ઉમલ્લા આંતરરાજ્ય ધાડ ગેંગનો આરોપી પકડાયો

**મધ્યપ્રદેશ**-મહારાષ્ટ્ર સુધી ગુનાહીત ઇતિહાસ ધરાવતો રીઢો આરોપી



ભરૂચ: ઉમલ્લાના બજારમાં વર્ષ 2007માં હથિયારની અણીએ થયેલ ચકચારભર્યા ધાડના ગુનામાં છેલ્લા 18 વર્ષથી ફરાર આંતરરાજ્ય ગેંગનો રીઢો આરોપી અંતે ભરૂચ પેરોલ-ફર્લો સ્ક્વોડને વડોદરા જિલ્લાના પાદરા ખાતેથી હાથે લાગ્યો છે.

ભરૂચ પેરોલ-ફર્લો સ્કોર્ડની ટીમે જિલ્લાના વિવિધ ગુનાઓમાં વોન્ટેડ અને લીસ્ટેડ આરોપીઓને પકડવા માટેના સઘન પ્રયાસો હાથ ધર્યા હતા. દરમ્યાન બાતમી મળી હતી કે, ઉમલ્લા પોલીસ સ્ટેશનના વર્ષ-200ના લૂંટ કેસમાં ફરાર આરોપી ખુન્ના બાબુ બિલવાલ (મૂળ રહે., ઘાટીયા તળાવ, નાનું ફળિયું, જામ્બુવા, મધ્યપ્રદેશ) હાલ વડોદરાના પાદરા તાલુકામાં ડભાશા ગામે રહે છે. બાતમીના આધારે પેરોલ-ફર્લો સ્કોર્ડની ટીમે પાદરા બસ સ્ટેન્ડ પાસેથી આરોપીને ઝડપી પાડ્યો હતો. પકડાયેલા આરોપી ખુન્ના બાબુ બિલવાલ સામે માત્ર ઉમલ્લાનો ધાડ કેસ જ નહીં, પરંતુ વલસાડ જિલ્લાના પારડી પોલીસ સ્ટેશન, ગોધરા રેલ્વે પોલીસ, પુણે-મહારાષ્ટ્રના તલેગોન ડભાડે, રતલામ અને મનાસા-મધ્યપ્રદેશ, તેમજ નવસારી જિલ્લામાં સોનાની દુકાનમાં લૂંટ, દાહોદ નજીક રેલ્વે સ્ટેશન પાસે લૂંટ સહિતના અનેક ગંભીર ગુનાઓમાં સંડોવાયેલો છે. લાંબા સમયથી આંતરરાજ્ય સ્તરે ગુનાહીત પ્રવૃત્તિઓ ચલાવતો આ આરોપી પોલીસ પડકાર બની રહ્યો હતો.

અંતે 18 વર્ષ બાદ આ આરોપીની ધરપકડ થવાથી ઉમલ્લા ધાડ સહિતના અનેક કેસમાં મહત્ત્વની કડી મળી છે. હાલ આરોપીને આગળની કાયદેસર કાર્યવાહી માટે ઉમલ્લા પોલીસ સ્ટેશનમાં સુપરત કરવામાં આવ્યો છે.

# અંકલેશ્વરમાં ચોરીની બાઈક સાથે યુવક ઝડપાયો

અંકલેશ્વર: અંકલેશ્વર એ ડિવિઝન પોલીસે એક ચોરને ઝડપી પાડ્યો હતો. પિરામણ ગામ આગળ જકાત નાકા પાસે વોચ ગોઠવી હતી. તે દરમિયાન પિરામણ ગામ તરફથી આવતી હીરો હોન્ડા પેસન પ્રો મોટરસાઈકલ (નં. જીજે 16 સીસી 5202) સાથે એક શખ્સને રોકવામાં આવ્યો હતો. પૂછપરછમાં તેણે પોતાનું નામ નિતીન કીર્તિભાઈ પટેલ (ઉં.વ.31, રહે., વર્ણી રેસિડન્સી, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર) હોવાનું જણાવ્યું હતું. પોલીસે ગત તા.14/09/2024ના રોજ ત્રણ રસ્તા શાક માર્કેટ પાસેથી બાઈકની ચોરી થઇ હતી તે સંદર્ભે તેની અટકાયત કરી છે.


Milano MULTIPLEX
બારડોલી
Tere Ishq Mein
10:30am, 11:50am, 01:30pm, 03:15pm, 05:00pm, 06:45pm, 09:00pm, 10:10pm
Zootopia 2-Hindi : 11:00am
Laalo-krishna Sada Sahayate- Gujarati
02:00pm, 5:30pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333


# બારડોલીના જૂના બસ સ્ટેન્ડમાં બસની અડફેટે આધેડનું મોત

બારડોલી: બારડોલી એસ.ટી. ડેપોમાં મૂળ મહારાષ્ટ્રનો વતની બંસીલાલ ભાવલાલ પરદેશી (ઉં.વ.50) બસ સ્ટેન્ડમાં માંગીને ખાતો હતો. શુક્રવારે સવારે 11 વાગ્યાની આસપાસ તે જૂના બસ સ્ટેન્ડના પ્લેટફોર્મ નંબર 8 પાસે બેસીને નાસ્તો કરી રહ્યો હતો તે સમયે એક એસ.ટી.બસ (નં. જીજે 18 ઝેડ 6164)ના ચાલકે બસ પૂરઝડપે હંકારી લાવી બંસીલાલને અડફેટમાં લીધો હતો. ઘટના બાદ એસ.ટી. બસના ચાલક અને મહિલા કંડક્ટર ત્યાંથી નાસી છૂટ્યા હતા. ઈજાગ્રસ્ત આધેડને વધુ સારવાર માટે સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત થયું હતું.

# કડોદરા યાર્નચોરી કેસમાં ત્રણ ઝબ્બે

પલસાણા: કડોદરા ગબ્બરવાળી માતાની ગલીમાં આવેલા મેમટેક્ષ કંપનીમાંથી પ્રોસેસ માટે આવેલું આશરે ૬૩૪ કિલોગ્રામ નાયલોન યાર્ન જેની કિંમત ૧,૫૩,૧૧૦ છે, તેની ચોરી થઈ હતી.

આ સંદર્ભે કડોદરા GIDC પો.સ્ટે. માં ગુનો દાખલ થયો હતો. પોલીસ તપાસમાં ચોરી થયેલું યાર્ન તાતીથૈયા ગામની સારથી ટાઉનશીપના મકાન નં. ૧૮૦ના ઓટલા પર હોવાની હકીકત મળી હતી. તપાસ હાથ ધરી પોલીસે મજીદ જાફર બિસ્તી, અનીષકુમાર રામનાથ સીંગ અને ઉસ્માન ઉર્ફે ચિન્ગારી દુલારે ખાનને ઝડપી પાડ્યા હતા. આ સાથે પોલીસે નાયલોન યાર્નના કુલ ૨૬ નંગ બોક્સ વજન ૬૩૪ કિ.ગ્રા., કિંમત ૧,૫૩,૧૧૦ અને ૩ નંગ મોબાઈલ ફોન કિંમત ૨૦,૦૦૦ મળી કુલ ૧,૭૩,૧૧૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.


એગ્રીકલ્ચર લેન્ડ ભાડે જોઈએ છે
૨૫ વર્ષના કોન્ટ્રાક્ટમાં ઈન્ડસ્ટ્રિયલ માટે
ડોલવણ: ડોલવણ, મહુવરિયા, બામણામલદૂર, પાટી, પાઠકવાડી, સિંધાઈ (૨૨ થી ૨૫ વીંઘા)
અનેક અલગ ખેડૂતો, અલગ સર્વે નંબરવાળી અનેક જગ્યાઓ ભેગી કરીને ૨૫ વીંઘા આપી શકશે.
મોબાઈલ નંબર: ૯૭૧૨૩ ૯૯૫૧૬


**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૪૫૦/૨૦૨૫
તા.૧૩/૧૨/૨૦૨૫

વાદી :- જેબુન ગુલામહુશેન લીંબાડા તે ઈશાક પાંચભાયાની પત્ની, રહે.હાલ મમુન ફળિયું, કોસાડ, તા.માંગરોળ, જી.સુરત.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ-મરણ રજિસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી મુંજલાવ ગ્રામ પંચાયત, તા.અરેઠ, જી.સુરત

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી જેબુન ગુલામહુશેન લીંબાડા તે ઈશાક પાંચભાયાની પત્ની, રહે.હાલ મમુન ફળિયું, કોસાડ, તા.માંગરોળ, જી.સુરતએ તેઓના પોતે જેબુન ગુલામહુસેન લીંબાડાનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: જેબુન ગુલામહુસેન લીંબાડા ૨. જન્મ તારીખ: ૨૫/૦૭/૧૯૬૭ ૩. જન્મનું સ્થળ: મોજે.મુંજલાવ, તા.અરેઠ, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે જેબુન ગુલામહુસેન લીંબાડાના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૧૨/૦૧/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૩/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિકકો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૪૪૯/૨૦૨૫
તા.૧૩/૧૨/૨૦૨૫

વાદી :- મહમદ ગુલામહુશેન લીંબાડા, રહે.હાલ નવી નગરી, તડકેશ્વર, તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૭૦.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ-મરણ રજિસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી મુંજલાવ ગ્રામ પંચાયત, તા.અરેઠ, જી.સુરત

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી મહમદ ગુલામહુશેન લીંબાડા, રહે.હાલ નવી નગરી, તડકેશ્વર, તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૭૦એ તેઓના પોતે મહમદ ગુલામહુશેન લીંબાડાનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: મહમદ ગુલામહુશેન લીંબાડા ૨. જન્મ તારીખ: ૦૫/૦૮/૧૯૭૪ ૩. જન્મનું સ્થળ: મોજે.મુંજલાવ, તા.અરેઠ, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે મહમદ ગુલામહુશેન લીંબાડાના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૧૨/૦૧/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૩/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિકકો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૪૪૮/૨૦૨૫
તા.૧૩/૧૨/૨૦૨૫

વાદી :- ફાતમાબીબી મોહમદ ઘરીયાની પુત્રી તે અબુબકર ભીગજીની પત્ની, રહે.આંધી ફળિયું, નાની નરોલી, ત.માંગરોળ, જી.સુરત-૩૯૪૧૧૦.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ-મરણ રજિસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી મુંજલાવ ગ્રામ પંચાયત, તા.અરેઠ, જી.સુરત

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

[illegible]

આજ તા.૧૩/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિકકો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૪૪૭/૨૦૨૫
તા.૧૩/૧૨/૨૦૨૫

વાદી :- હવાબીબી મોહમદ ઘરીયાની પુત્રી તે ઈસ્માઈલ લીંબાડાની પત્ની, રહે.સ્ટેશન ફળિયું, નાની નરોલી, ત.માંગરોળ, જી.સુરત-૩૯૪૧૧૦.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ-મરણ રજિસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી મુંજલાવ ગ્રામ પંચાયત, તા.અરેઠ, જી.સુરત

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

[illegible]

આજ તા.૧૩/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિકકો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત